ISSN : xxxx-xxxx
Volume-1, Issues: 1, April-June, 2020

# પરિવાર : માતૃભાષાની પાઠશાળા

**ડૉ. પ્રશાંત પટેલ**
એસોસિયેટ પ્રોફેસર,
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર
Email: prashantpatel3186@yahoo.com

**Received : 20-04-2020** **Published Online : July, 2020** **Accepted : 16-05-2020**

થોડાં વર્ષો પહેલાં શ્રીનગરમાં સાડત્રીસ એક જેટલા દિવસ રોકાવાનું થયેલું. ત્યારે જોઈ શકાયું કે ત્યાંની મૂળ ભાષા કશ્મીરી સરસ રીતે વાંચી-લખી-બોલનારા ભાષકો હવે ત્યાં નથી રહ્યા. એક જમાનામાં જ્ઞાન, વિદ્વત્તા માટે જાણીતું કશ્મીર આવું કેમ બન્યું હશે તે વિશે મનમાં અનેક વાતો ઊઠવા લાગી. આ પછીથી ત્યાંના સ્થાનિક મિત્રો સાથે ચર્ચા થયા કરતી અને ધીમેધીમે ખ્યાલ આવતો ગયો કે મૂળ ભાષાથી દૂર હટીને વિશ્વ સાથે તાલ મેળવવા મથતી કાશ્મીરી પ્રજાની અંગ્રેજી ભાષા પાછળની આંધળી દોડના કારણે પોતાની માતૃભાષા સાથે કેટકેટલું ગુમાવ્યું છે તે હું જોઈ-સમજી શકતો હતો. અંગ્રેજી ભાષા ભણીગણીને તૈયાર થયેલી ત્યાંની વ્યક્તિ કશ્મીરી ભાષા બોલતાં, વાંચતાં, લખતાં ખચકાય છે. જે થોડા પણ ભાષકો આ ભાષા બોલી શકે છે તે પાછા સારી રીતે વાંચી, લખી શકતા નથી. એટલે એવું કહી શકાય કે કશ્મીરી ભાષાએ કાશ્મીરમાંથી લિપિ સ્વરૂપે પણ સંપૂર્ણરૂપે વિદાય લઈ લીધી છે. એક ભાષા જવાથી પ્રદેશ પર, ત્યાંના લોકો પર કેવી અસર વર્તાતી હોય છે તેનું કાશ્મીર એક ઉત્તમ ઉદાહરણ છે. માત્ર કશ્મીરી જ નહીં પણ વિશ્વની અનેક ભાષાઓ આ કાળના ગર્ભમાં પ્રજાની સજગતા ન હોવાને કારણે અને બદલાતા સમયના આંધળા અનુસરણને કારણે લુપ્ત થઈ ગઈ છે અને ઘણી ભાષાઓ લુપ્ત થવાને આરે છે. આ ભાષા લુપ્ત થવાનાં અનેક પરિબળો કારણભૂત હોઈ શકે, જેમાંથી એક ઊડીને આંખે વળગે છે તે એ કે વ્યક્તિ સ્માર્ટ બનવા માટે, સજ્જ દેખાવા માટે, કોઈને આંજવા માટે અંગ્રેજી ભાષા તરફ આંધળી દોડ કરી રહ્યો છે. આપણે નવીન જગત સાથે તાળો મેળવવો હશે તો અંગ્રેજી ભાષામાં જ શિક્ષણ, કેળવણી લેવી પડશે તેવી ગેરસમજે આપણને, આપણા વિચારોને કેદ કરી દીધા છે. કશ્મીરી પ્રજા પણ આવી જ ગેરસમજનો ભયંકર શિકાર બની છે. પરિણામે ત્યાંના જૂજ લોકો એ સ્વીકારે છે કે કાશ્મીરની જે મૂળ સંસ્કૃતિ હતી, તેની જે ભવ્યતા, દિવ્યતા હતી તે ધીમેધીમે કરીને નાશ પામી છે. ભાષા જવાથી ત્યાંની સંસ્કૃતિ ગઈ, સભ્યતા ગઈ, સાથે જીવનમૂલ્યો ગયાં અને પરિણામે એક એવી પ્રજા, એવા વર્ગ, એવા ભાષકો રહી ગયા અને નવી પેઢી આવી જે પોતાના દેશ, વતન, ભૂમિના માન-સન્માનના ભાવથી તદ્દન વિમુખ રહી ગઈ. જે ભૂમિમાં રહે તે ભૂમિના નહીં પણ અન્ય ભૂમિનાં ગુણગાન ગાય તેવા સંસ્કારો આજની પેઢીમાં વિકસિત થતા જોઈ શકાય છે. પોતાની સાચી સંસ્કૃતિ, ખરી સભ્યાથી દૂર ચાલી ગયેલી ત્યાંની પ્રજા સાથે આજે નાતો નથી કેળવી શકાતો

ISSN : xxxx-xxxx
Volume-1, Issues: 1, April-June, 2020

કે તે પ્રજા આ નાતો કેળવવા પણ નથી માગતી તેના મૂળમાં અનેક વાતો છે. તેમાંથી એક માતૃભાષાનું લુપ્ત થવું તે પણ ગણી જ શકાય.

એક ભાષા લુપ્ત થવાથી માનવજાત સાથે જોડાયેલું કેટકેટલું નાશ પામતું હોય છે તે આપણે સમજી-જાણી શકીએ છીએ. કેમ કે, ભાષાનો સીધો સંબંધ માણસ સાથે છે. ભાષાનો નાશ થવો એટલે માણસજાત સાથે જોડાયેલાં વ્યાપક પરિબળોનો પણ નાશ થવો. એટલે જગતની જે ભાષાઓ લુપ્ત થવાના આરે છે તેમનું રક્ષણ-સંવર્ધન થાય તે અતિ આવશ્યક બાબત છે. પણ આ રક્ષણ કોણ કરી શકે તે પણ વિચારણીય મુદ્દો છે. સરકાર તેની સરકારી યોજનાઓ પ્રમાણે તે કામ કરતી હોય છે. શિક્ષકો, અભ્યાસીઓ પોતાનાં રસ-રુચિ પ્રમાણે પણ તે કામ કરતા રહે છે. અનેક પ્રાઈવેટ સંસ્થાનો પણ માતૃભાષા રક્ષણ-સંવર્ધનનું કામ કરે જ છે. પણ કાળક્રમે તે નાશ નહીં પામે તેવું કોઈ કહી શકતું નથી. પરંતુ જે તે ભાષાના ભાષકો સામૂહિક રીતે પોતાની માતૃભાષા પ્રત્યે સભાન થાય તો તે ભાષા લાંબો સમય સુધી બોલાતી, લખાતી ને જીવિત રહી શકે તેમાં લેશમાત્ર શંકા નથી.

**********

વ્યક્તિના ઘડતરમાં માતૃભાષાનું ખૂબ મહત્ત્વ રહેલું છે. એટલે તેનું શિક્ષણ પણ માતૃભાષામાં થાય તે અત્યંત જરૂરી છે. માતાના ગર્ભમાંથી જ જે ભાષા વ્યક્તિને મળે છે તે જ તેનું ઉત્તમ રીતે માનસિક, સામાજિક ઘડતર કરી શકે છે. કહેવાય છે કે, બાળક જન્મે તે પૂર્વે જ માતાના ગર્ભમાંથી જ ભાષા શીખવા માંડે છે. જન્મ બાદ તે ભાષા દ્વારા તેનો માનસિક પિંડ ઘડાતો રહે છે. માતૃભાષાના સંસ્કાર ગર્ભમાંથી જ મળવાને કારણે બાળકમાં સહજ અન્ય ભાષા કરતાં ત્વરિત માતૃભાષાના શબ્દોને આત્મસાત્ કરવાની શક્તિ વધુ કેળવાય છે. એટલે બાળક જેટલી સારી અને ઝડપી રીતે પોતાની માતૃભાષામાં શીખી શકે તેટલું અંગ્રેજી ભાષામાં નથી શીખી શકતું. આપણે ત્યાં કહેવત પણ છે 'માની ગરજ કોઈથી ના સરે' ગુજરાતી એ આપણી મા છે અને તેમાંથી આપણે જે પ્રાપ્ત કરી શકીએ તે અંગ્રેજીથી નથી પામી શકવાના. અનેક સંશોધનોએ સાબિત કર્યું છે કે જે પરિણામ, સમજ પોતાની માતૃભાષા આપી શકે તે અંગ્રેજી ભાષા નહીં આપી શકે. આ વાસ્તવિકતા હોવા છતાંય આપણે ત્યાં ઘણા સમયથી બાળકને અંગ્રેજી ભાષામાં શિક્ષણ આપવાની એક આંધળી દોડ ચાલી રહી છે. પેટે પાટા બાંધીને પણ માતાપિતા સંતાનને અંગ્રેજી માધ્યમમાં ભણાવવામાં તલપાપડ થઈ રહ્યા છે. આજના સમય અને સ્થિતિ પ્રમાણે તો અંગ્રેજી ભાષા સામાજિક, પારિવારિક સ્ટેટસ બનતી જાય છે. પોતાનું બાળક શહેરની ઉત્તમોત્તમ અંગ્રેજી માધ્યમની શાળામાં ભણે; તેને તેમાં જ એડ્મિશન મળે તેવાં સ્વપ્નો જેમણે પોતાનું શિક્ષણ માતૃભાષામાં લીધું છે તેવા શિક્ષકો, અધ્યાપકો, ઑફિસર થનાર વ્યક્તિઓ સેવે છે. બાળકને કેમ નામાંકિત, ઊંચી ફીવાળી અંગ્રેજી શાળામાં મૂકવું જોઈએ તેની સફાઈ આપતાં તેઓ કહે છે કે આવી


Editors : *Dr. Prashant Patel, Dr. Nimish Vasoya*
*Published by : Children's University, Gandhinagar*

ISSN : xxxx-xxxx
Volume-1, Issues: 1, April-June, 2020

શાળાઓમાં સમાજના, ગામના નામાંકિત ડૉક્ટર, વકીલ, બિઝનેસમેનનાં બાળકો ભણે છે, એટલે તેમના ઉછેરના સંસ્કારો સાથે આપણું બાળક પણ રહે તો તે કક્ષાના, તેવા આપણું બાળક પણ વિચાર કરી શકે. બાળકનું સંપૂર્ણ ઘડતર આવી જ કોઈ શાળામાં અને આવા જ પરિસરમાં થશે તેવી એક ભ્રામક સમજ આજનાં માતાપિતા, પરિવારના મનમાં ઘર કરી ગઈ છે. પરિણામે પેટે પાટા બાંધીને પણ, ટૂંકો પગાર પ્રાપ્ત કરનાર વ્યક્તિ પોતાના સંતાનને અંગ્રેજી માધ્યમમાં ભણાવી રહ્યો છે. જેનું પરિણામ પેલી કહેવત સમું છે, 'બાવાના બેય બગડ્યા.' - નથી તો તે બાળકમાં ગુજરાતીનો વિકાસ થતો કે નથી અંગ્રેજીનો. મેં જોયું  છે કે અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરનાર બાળક સાતમા ધોરણમાં આવીને પણ જન્મજાત માતૃભાષા બોલતો હોવા છતાંય તે બસ પર ગુજરાતીમાં લખેલા બૉર્ડ પરનું નામ વાંચી શકતો નથી. પરિણામે જે ભાષા તેને જન્મજાત મળી છે તેનાથી તે દૂર જતો જાય છે. ઘર, પરિવારમાં સંતાન અંગ્રેજી માધ્યમમાં ભણે છે માટે ઘરમાં પણ અંગ્રેજી જ બોલવું તેવો એક પ્રવાહ ચાલી રહ્યો છે. પરિણામે, ખૂબ ઓછું ભણેલાં માતાપિતા પણ ખોટા અંગ્રેજી ઉચ્ચારો, શબ્દોથી પોતાના સંતાનને ખોટું અંગ્રેજી પીરસી રહ્યાં છે.

**********

હવે તો ગામડાંઓમાં પણ અંગ્રેજી શિક્ષણ આપતી સંસ્થાઓ ચાલુ થઈ. મેં તો એવા પરિવારો જોયા છે કે એક પણ ચોપડી શિક્ષણ નથી પામ્યાં તેવાં માતાપિતા પોતાના સંતાનને અંગ્રેજી સ્કૂલમાં ગામડેથી બસો અને મારુતિ વાનમાં મોટામોટા થેલા ભરીભરીને મોકલી રહ્યાં છે. આવી શાળાઓમાં અંગેજી ભાષાનું શિક્ષણ કેવું અપાતું હશે તે તો વિચારણીય પ્રશ્ન છે જ. આવું હોવા છતાંય એક વાત તો સ્વીકારવી જ પડશે કે માતૃભાષામાં શિક્ષણ કરતાં અંગ્રેજી ભાષામાં શિક્ષણ લેનારની સંખ્યામાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. અનેક વ્યક્તિ, સંસ્થાઓના સામૂહિક પ્રયાસો છતાંય અંગ્રેજી શિક્ષણ તરફની દોડને ઓછી નથી કરી શકાતી, ત્યારે પરિવારમાંથી જ માતૃભાષાનું સિંચન થાય તેવા સામૂહિક પ્રયાસો સરકાર, સંસ્થાઓ, શિક્ષકો, શિક્ષણવિદો વડે થતા રહે તે આવકાર્ય અને અનિવાર્ય છે. માતૃભાષાનું શિક્ષણ તો માતૃભાષામાં અભ્યાસ કરાવતી સંસ્થાઓ આપે છે જ. પણ બાળકના ઘડતરમાં પરિવારની ખૂબ મોટી ભૂમિકા હોય છે. પરિવાર તો સંતાનમાં માતૃભાષાની મહેક ફેલાવવાનું પ્રમુખ સ્થાન છે. જો આરંભથી જ બાળકમાં માતૃભાષાના સંસ્કારોનું સિંચન કરવામાં આવે તો બાળકમાં તેની લાંબો સમય સુધી અસર રહેતી હોય છે. જેનાં સારાં પરિણામો મળી શકે છે. પરિવારમાં રહી, ઊછરી માતૃભાષા સાથે ઉત્તમ શિક્ષણ પામીને દેશ-વિદેશમાં માનસન્માન, મેળવનાર અનેક વ્યક્તિઓનાં ઉદાહરણો આપણી સામે છે.

**********

પહેલાંના સમયમાં ખાસ કરીને ગવાતાં પ્રભાતિયાં, સ-પરિવાર ઘરમાં થતી પ્રાર્થના, ધૂન, વડીલો વડે ગવાતાં લોકગીતો અને કહેવાતી લોકવાર્તાઓ, ટૂચકાઓથી આપણા સૌનો પિંડ સારી રીતે ઘડાયો અને પોષાયો છે. પણ આજે

પરિવારમાં આમાંનું ઘણું બધું લુપ્ત થવા લાગ્યું છે. આપણી સંયુક્ત કુટુંબ વ્યવસ્થામાં બાળકનું સરસ મજાનું ઘડતર થતું. આજના સમયમાં આ કુટુંબનો ખ્યાલ તૂટ્યો છે અને વ્યક્તિ એકલવાયો બન્યો છે. જેથી પણ બાળકનું ભાષાઘડતર રુંધાયું છે. બાળકમાં માતાપિતા સાચા અર્થમાં જો પોતાના સંતાનનું યોગ્ય ઘડતર અને તેને વિકસિત કરવા ચાહતાં હોય તો તેમણે સભાન બનીને જ બાળક સાથે, બાળક સામે માતૃભાષાનો સેતુબંધ રચવો પડશે. પોતાનું બાળક ગુજરાતી પ્રત્યે આસક્ત બને તેવા અવનવા પ્રયોગો પરિવારે અપનાવવા પડશે. આપણી પાસે આપણી ભાષાનાં બાળગીતો, બાળવાર્તાઓનો ભવ્ય ખજાનો પડેલો છે. નાનપણથી આ કથાઓ, ગીતો ઉત્તમ ગાન સાથે, પઠન સાથે બાળકને પીરસવામાં આવે તો તે ભાષા, શબ્દોની બાળકના ચિત્ત પર પરિણામગામી અસર પડવાની તે વાત નક્કી. લોકગીતોના સંગીતની અસર લાંબા સમય સુધી આપણામાં રહેતી હોય છે. પરિણામે સંગીત સાથે આવતો પેલો માતૃભાષાનો શબ્દ પણ ચિત્તમાં જડાઈ જાય છે. આ ગીતો, કથાઓ, ટૂચકાઓથી બાળકમાં માતૃભાષા પ્રત્યે આકર્ષણ તો જન્મે જ જન્મે છે; પણ સાથેસાથે તેનું ભાષાભંડોળ પણ સમૃદ્ધ બને છે. આ પ્રકારનું સુંદર વાતાવરણ જો રચાતું જાય તો તેનાં બીજાં સારાં પરિણામો પણ સાંપડે છે. મારો એક અનુભવ એવો પણ રહ્યો છે કે માતૃભાષામાં શિક્ષણ મેળવનાર વિદ્યાર્થી તેનાં વાણી, વર્તન અને વ્યવહારથી નોખો પડે છે. શું કરવું, શું ન કરવું તેની સમજ તેનામાં વિશેષરૂપે પ્રગટે છે. તેના મૂળમાં માતૃભાષાના સંસ્કારો રહેલા છે. માતૃભાષા તે કેવળ વ્યવહાર માટે જ નહીં પરંતુ સમજ અને સંસ્કાર માટે પણ અનિવાર્ય છે. માટે પરિવારમાંથી જ તેનું શિક્ષણ ઉત્તમ રીતે આપવામાં આવે તો એક પરિવાર પણ બાળક માટે શ્રેષ્ઠ પાઠશાળા પુરવાર થઈ શકે છે.